

શહેરમાં તસ્કરોની દહેશત : નવરાત્રિના ઉજાગરા બાદ હવે પોલીસના ચોરોને પકડવા જાગરણ

# ફતેપુરા તથા ખોડીયારનગરમાં તસ્કર ટોળકી ત્રાટકી : લોકોએ આખી રાત ફિલ્ડીંગ ભરી

**ચોરચોરની** બુમો પાડતા અંધારામાં ચોર ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં છેલ્લા કેટલા દિવસોથી મોડી રાત્રિના સમયે આવતી તસ્કર ટોળકી એ આતંક મચાવ્યો છે જેના કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. 14 ઓક્ટોબર ના રોજ રાત્રિના સમયે ફતેપુરા તથા ખોડીયાર નગર વિસ્તારમાં હથિયારધારી તસ્કર ટોળકી આવી હતી. પરંતુ લોકોએ ચોર આવ્યા ચોર આવ્યા ની બુમરાણ મચાવતા જ ટોળકી અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગઈ હતી. સ્થાનિક લોકો દ્વારા પણ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવાય તેવી માંગ કરાઈ રહી છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી તસ્કર ટોળકી હથિયારો સાથે ત્રાટકતી હોવાના કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. લોકો પોતાના ઘરની સુરક્ષા કરવા માટે આખી રાત સુધી ઉજાગરા કરવા મજબૂર બન્યા છે. લોકો પોતાના મોહલ્લા તથા સોસાયટીઓમાં આખી રાત સુધી રખેવાળી કરી રહ્યા છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રિના સમયે ફતેપુરા વિસ્તારમાં આવેલા મંગલેશ્વર ઝાપા પાસે તસ્કર ટોળકી એક સાથે ત્રાટકી આવી હતી. આ ટોળકીને લોકો જોઈ જતા બૂમાબૂમ થઈ હતી જેમાં આ ટોળકી બાજુમાં આવેલ પાણીની ખાડીમાંથી અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગઈ હતી. બીજી તરફ ખોડીયાર નગર વિસ્તારમાં પણ તસ્કર ટોળકી ચોરી કરવાના ઈરાદે આવી હતી. પરંતુ લોકો જાગી જતા અંધારામાં ગાયબ થઈ ગઈ હતી. હથિયારો સાથે આવેલા ચોરોના કારણે વિસ્તારમાં રહેતી મહિલાઓ સહિત લોકોમાં ડર ફેલાયો છે અને પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે.




## ગોત્રી વિસ્તારમાં રાત્રે ચોર બાઇક સવાર ટોળકી સીસીટીવી કેમેરામાં કેદ

ગતરાત્રે ગોત્રી વિસ્તારમાં આવેલ એક સ્થળેથી સીસીટીવી કેમેરામાં મોડી રાત્રે બાઇક પર ત્રણેક તસ્કરો આંટાફેરા કરતાં નજરે પડયા હતા જેને લઇને સ્થાનિકો રાત્રી જાગરણ કરવા મજબૂર બન્યા છે. આ વિસ્તારમાં તસ્કરો આવતા હોવાની વાતે સ્થાનિકોમા પોલીસ પેટ્રોલીંગ બાબતે સવાલો ઉઠાવ્યા હતા. તસ્કરો બાઇક પર મોડી રાત્રે હથિયાર સાથે આવતા હોવાની વાતે લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. એક તરફ પોલીસ લોકોને ખોટી અફવાઓથી દૂર રહેવા જણાવી રહી છે જ્યારે હકીકત બીજી તરફ તસ્કરો મોડીરાત્રે બાઇકો પર આંટાફેરા કરતાં હોવાનુ જણાયું છે.

ભાયલી ટીપી વિસ્તારમાં અને પ્રતાપનગર બ્રિજ પર આપઘાતના બનાવ

# આધેડની શંકાસ્પદ હાલતમાં ઝાડ પર લટકતી લાશ મળી : યુવકની બ્રિજ પરથી મોતની છલાંગ

**રાહદારીની** નજર પડતા પોલીસને જાણ કરી


**તાલુકા** પોલીસે સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથધરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં મંગળવારે બે વ્યક્તિઓએ મોતને વ્હાલું કર્યું હોવાની ઘટના સામે આવી છે. એક યુવક કે પ્રતાપનગર બ્રિજ ઉપરથી મોતની છલાંગ લગાવી તો બીજી તરફ ભાયલી ટીપી વિસ્તારમાં શંકાસ્પદ હાલતમાં આધેડની ઝાડ ઉપર લટકતી લાશ મળી આવતા બંને બનાવવામાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરમાં મંગળવારે બે વ્યક્તિઓએ આપઘાત કરી લીધો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સવારે પ્રતાપ નગર બ્રિજ ઉપરથી વાડી મહાદેવ તળાવ પાછળ આવેલા વુડાના મકાનમાં રહેતા રણજીત દેવીપુજક નામના યુવકે મોતની છલાંગ લગાવી દીધી હતી. આ બનાવમાં રેલવે પોલીસે તપાસ હાથ ધરી છે.

તેવામાં બપોરે ભાયલી ટીપી વિસ્તારમાં એક આધેડની ઝાડ ઉપર લટકતી લાશ મળી આવી હતી. હાલ પ્રાથમિક તબક્કે ભાયલી ટીપી વિસ્તારમાં 45 વર્ષીય આધેડની શંકાસ્પદ હાલતમાં ઝાડ ઉપર લટકતી લાશ ત્યાંથી પસાર થતાં એક રાહદારીએ જોતાં તુરંત પોલીસને કંટ્રોલ રૂમ પર ફોન કરીને જાણ કરી હતી. જોકે આ હદ વિસ્તાર તાલુકા પોલીસ મથકનો હોવાથી બનાવની જાણ થતા તાલુકા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને આગળની તપાસ હાથ ધરી હતી.





## વારંવાર ફ્રેન્ડશિપ માટે દબાણ કરનાર યુવકનું અભયમે કાઉન્સેલિંગ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સયાજીગંજ વિસ્તારમાંથી એક પરિણીતાએ 181 મહિલા હેલ્પ લાઇનમાં કોલ કરી જણાવ્યું હતું કે "અમારા કોમ્પ્લેક્ષમાં એક સેન્ડવીચની શોપમાં કામ કરતો યુવક અનેક વાર ના પાડી છતાંય વારંવાર મને ફ્રેન્ડશિપ કરવાં કોશિશ કરે છે મે અને મારા પતિએ પણ તેને અનેકવાર સમજાવવાની કોશિશ કરી પરંતુ તે સમજતો નથી અને મંગળવારે લિફ્ટમાં હું એકલી હતી ત્યારે તે યુવક ગુલાબ નુ ફૂલ આપવા લાગેલ મે તેનો ઈનકાર કરતા તે બળજબરી કરવાં લાગ્યો હતો"

અભયમ દ્વારા યુવકનું અસરકારક કાઉન્સિલગ કરતા જણાયું હતું કે, અગાઉ યુવતીના પતિએ સેન્ડવીચ ખરીદી હતી તે સો રૂપિયાની નોટ મોબાઈલના કવર પાછળ યાદગીરી રૂપે સાચવી મૂકી હતી. અભયમ દ્વારા તેને યોગ્ય સમજ આપી હતી કે સામે ની વ્યક્તિ ઈનકાર કરે તો પિછો છોડી દેવો જોઈએ કોઈની સાથે બળ જબરીથી દોસ્તી કરી શકાય નહિ અને જો આવી હરકત ચાલુ રહેશે તો પોલીસ કરવાહી કરવમાં આવશે.

## લાલબાગ પાસે વધુ એક મગરનું રેસ્ક્યુ



■ શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રીની જળ સપાટી વધુ એક વખત વધતા નદીમાં વસવાટ કરતાં મગરો મેદાનમાં આવ્યા છે. વડોદરાના રાજમાર્ગ પર મગરનું રેસ્ક્યું કરવામાં આવે છે ત્યારે ગજરોજ અડધો ઇંચ પડેલા વરસાદમાં લાલબાગ બ્રિજ પાસે મગર દેખાતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. વાહન ચાલકોના જીવ તાળવે ચોટ્યા હતા. મગર લટાર મારતો નજરે ચડતા વાહનચાલકો અને રાહદારીઓ જોવા રોડ પર જ ઊભા થઈ ગયા. જો કે મગરનું રેસ્ક્યુ કરવા રેસ્ક્યુ ટીમ પહોંચે તે પહેલા મગર લટાર મારતા નજીકમાં આવેલા જાળી ઝાંખરામાં પાછો ફરી ગયો હતો. જો કે પછી રેસ્ક્યુ ટીમ દ્વારા મહાકાય મગરનો રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

CBI ઓફિસરના નામે કોલ કરી રૂ.79.34 લાખ પડાવી ઠગાઈ આચરી હતી

# સાયબર ફ્રોડના ગુનામાં વડોદરાના 3 સહિત આંતરરાષ્ટ્રીય ગેંગ ઝડપાઈ



**અમદાવાદ** સાયબર ક્રાઇમે બેંગ્લોરમાંથી ચાર તાઇવાનીઝને દબોચ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

મુંબઇ સાયબર ક્રાઇમ તથા CBIના ઓફીસરના નામથી કોલ કરીને RBIમાં વેરિફિકેશન કરવાના બહાને રૂ.79.34 પડાવી લીધા હતા. ત્યારે આંતરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ કરી અમદાવાદ સાયબર ક્રાઇમે તાઈવાનના 4 ભેજાબાજોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ નાણા રુપિયા 12.12 લાખ , સીમકાર્ડ- 761 મોબાઇલ ફોન- 120, ચેકબુક- 96 ડેબીટ ક્રેડિટ કાર્ડ-96, ચેક-48, પાસબુક-૪૨, યુ.એસ.બી. ચાર્જીંગ હબ-32, હિસાબના ચોપડા-6, દુબઈના મેટ્રો કાર્ડ-3, સી.પી.યુ.- 2, મીની કોમ્પ્યુટર-26, રાઉટર -9,લેપટોપ-7 કબજે કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય ગેંગના 17 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. જેમાં વડોદરાના 3 આરોપીની પણ ધરપકડ થઈ છે.

ભેજાબાજોએ ફોન કરીને ફરિયાદીને કહ્યું હતું કે તમારો મોબાઈલ નંબર પ્રતિબંધીત એડવર્ટાઇઝીંગ જેવી ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંકળાયેલો છે . જે બાબતે મુંબઇ ભાયખલ્લા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ઉપરાંત ફરીયાદીના આધારકાર્ડ પરથી ખોલવામાં આવેલા એકાઉન્ટમાં ગેરકાયદેસરના ટ્રાંજેક્શનો થાય છે. તમારા વિરુધ્ધ અરેસ્ટ વોરંટ નિકળેલ છે એ રીતે TRAI, મુંબઈ સાઈબર ક્રાઇમ તથા CBIના ઓફીસરના નામે ડરાવી ધમકાવી બેંક એકાઉન્ટની માહિતી મેળવી લઈ ફરીયાદી તથા તેમના પત્ની પર ઈવેસ્ટીગેશનના બહાને વોટસએપ કોલથી સતત તેમની ગતિવિધિ પર નજર રાખી ઈવેસ્ટીગેશનમાં મદદરૂપ થવા માટે તથા RBI માં વેરિફિકેશન કરવા માટે ફરીયાદીના બેંક એકાઉન્ટમાં નાણાં ટ્રાંસફર કરવા જણાવ્યુ હતુ અને રૂપિયા 79.34 લાખ પડાવી છેતરપિંડી આચરી હતી. અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસ ટીમ હ્યુમન અને ટેકનિકલના આધારે તપાસ શરૂ કરી દિલ્હી અને બેંગ્લોરમાં એક સાથે ઓપરેશનમાં 2 તાઈવાન, મુ.ચી.સંગ ઉર્ફે માર્ક અને ચાંગ હાવ યુન ઉર્ફે માર્કો તાઈવાનથી દિલ્હી ખાતે ફ્લાઇટમાં ઉતર્યા બાદ દિલ્હીની હોટલ તાજ પેલેસમાંથી અને બેંગલુરુમાંથી વધુ 2 તાઈવાનના નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. 4 તાઈવાનના નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રકમ અલગ-અલગ ખાતાઓમાં જમા કરવામાં આવી હતી. જેના આધારે સુરત, વડોદરા, અમદાવાદ, લીંબડી ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા અને ગુજરાત, રાજસ્થાન, દીલ્હી અને ઓડિશામાંથી 8 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેઓ તાઈવાઈનીજ લોકોને ભાડેથી બેંક ખાતા પૂરા પાડતા હતા અને કમીશન મેળવતા હતા. આ ઠગાઈના કેસમાં અત્યાર સુધીમાં 17 આરોપીઓની ધરપકડ કરાઈ છે.

### અલગ અલગ ટીમો બનાવી અટકાયત કરવામાં આવેલા 17 આરોપીઓ

અમદાવાદ સાયબર ક્રાઇમે આરોપીઓને ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત, લીમડી, તથા મુંબઇ (મહારાષ્ટ્ર), કટક(ઓડીસા), દિલ્હી, બેંગ્લોર (કર્ણાટકા), ડુંગરપુર (રાજસ્થાન) વિગેરે જગ્યાઓથી અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને અટક કરવામાં આવી છે. જયેશ મસરાજી સુથાર (રહે.તરસાલી તા.વડોદરા જી.વડોદરા) ભાવેશકુમાર પ્રતાપરામ સુથાર (રહે.વાઘોડીયા ડભોઇ રીંગ રોડ વડોદરા જી.વડોદરા), લિલેશ કાલુરામ જાતે પ્રજાપતિ (રહે.તરસાલી તા.વડોદરા જી.વડોદરા મુળ વતન ગામ દાતવાડા તા.ઝાલોર જી.ઝાલોર રાજસ્થાન), પ્રવિણકુમાર કરશનજી પંચાલ (રહે.સંદરાપુરમ તમીલનાડુ મુળ વતન ગામ રાવસિમનગઢ તા.રાણીવાડા જી.ઝાલોર રાજસ્થાન), ચેતન્ય ઉર્ફે લકી મધુબાબુ કુપ્પી સેટ્ટી (રહે. ઓડીસા), રવી અશોકભાઈ સવાણી, સુમીત અશોકભાઈ મોરડીયા ઉવ.૨૯ ધંધો-વેપાર(સી.એ) રહે. મકાન નં ૧૮૮, આત્મીય વિલા, કુમકુમ રેસીડન્સી પાસે, કામરેજ પાસે, સુરત શહેર, પ્રકાશ રમેશભાઇ ગજેરા, પીયુષ જયસુખભાઈ માલવીયા , કલ્પેશ મહાદેવભાઈ રોજાસરા , સર્વેશ સંતોષ સહદેવ પવાર , થશ વિશ્વાસ સુધાકર મોરે, સૈફ હૈદર ઉર્ફે સેમ જી.એચ. સીદીકી, મુચી સંગ, ચાંગ હાવ યુન,વાંગ ચુન વેઇ ઉર્ફે સુમોકા,શેન વેઇ હાવ ઉર્ફે કિશનો સમાવેશ થાય છે.

# વરસાદી લાઈન નંખાઈ છતાં વોર્ડ નં.13માં અડધો ઈંચમાં પાણી ભરાયા

**સોમવારે** રાત્રિના પડેલા વરસાદમાં ઘૂંટણ સમા પાણી ભરાતા વેપારીઓમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા ગતરાત્રિના ભારે પવન સાથે અડધો ઈંચ વરસાદ ખાવતા શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા જ્યાં વાહનચાલકો પર અટવાયા હતા ત્યારે વોર્ડ નંબર 13 માં હાલમાં જ પાણીના નિકાલ માટે અને પાણી માટે લાખો રૂપિયાના ખર્ચે નવી લાઈન નાખવા છતાં વિસ્તાર જળબંબાકાર થઈ ગયો હતો જેના કારણે ત્યાંના વેપારીઓ માં ભારે રોજ જોવા મળી રહ્યો હતો. સ્થાનિક કાઉન્સિલર ભાવ સુર્વે જણાવ્યું હતું અડધા ઈ જ વરસાદમાં ગોટાણ સમા પાણી થઈ જવાથી અનેક વેપારીઓને તહેવારના ટાઈમમાં ભારે નુકસાન થઈ છે પાલિકા દ્વારા હાલમાં જ કોન્ટ્રાક્ટરોને વરસાદી પાણીના નિકાલ માટે તથા શુદ્ધ પાણી માટે નવી પાઈપલાઈન નાખવા છતાં જો અડધા જ ઈંચમાં વિસ્તારની આવી હાલત થાય તો ક્યાંક ને ક્યાંક કોન્ટ્રાક્ટ કામમાં ખાવી જોવા મળી રહી છે આવા કોન્ટ્રાક્ટર તાત્કાલિક ધોરણે બ્લેક લિસ્ટ કરવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લાલબાગ કુંભારવાડાની લાઈન પણ માત્ર કાગળ પર હોય તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. આ વિસ્તારમાં પણ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો નથી. વરસાદી કાસ માત્ર કાગળ પર હોવાનું તેમનું કહેવું છે. ભ્રષ્ટ અધિકારીઓએ માત્ર સહયોગ કરીને કોન્ટ્રાક્ટરોને બિલના નાણાં ચૂકવી દીધાનો પણ બાળુ સુર્વે આક્ષેપ કર્યો છે.



લોકસભા-2024માં ગેરરીતિ આચર્યાની પીટીશન હાઈકોર્ટમાં દાખલ કરી હતી

# સાંસદે ચૂંટણીમાં ગેરરીતિ કર્યાના આક્ષેપ સાથે પરિણામ રદ કરવાની પીટીશનની સુનાવણી આજે

**અપક્ષ** ઉમેદવાર ડો.રાહુલ વ્યાસે ભાજપના ઉમેદવારે ગેરરિતી આચર્યા હોવાનો આરોપ મુક્યો હતો





(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા લોકસભાની વડોદરા બેઠકની ચૂંટણીમાં ગેરરીતી આશ્રય હોવાનો આરોપ મૂકી પરિણામ રદ કરવાની પિટિશન અપક્ષ ઉમેદવાર ડોક્ટર રાહુલ વ્યાસે હાઈકોર્ટમાં દાખલ કરી હતી ત્યારે સામે વડોદરા ના સાંસદ ડોક્ટર હેમાંગ જોશી એ પણ પિટિશન રદ કરવા બાબતે પિટિશન દાખલ કરતા બંનેની સુનાવણી 16 ઓક્ટોમ્બરે તારીખે થનાર છે.

ભાજપના ઉમેદવાર ડોક્ટર હેમાંગ જોશીના દર્શાવેલી માહિતીઓ અને વ્યવસાય સામે વાંધો ઉઠાવતા અપક્ષ ઉમેદવાર ડોક્ટર રાહુલ વ્યાસે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. ડોક્ટર રાહુલ વ્યાસે જણાવ્યું છે કે સૌપ્રથમ ડોક્ટર હેમાંગ જોશીના દર્શાવેલ વ્યવસાય સામે વાંધો ઉઠાવતા એમ દર્શાવ્યું છે કે તેઓ સામાજિક કાર્યકર છે અને એમની વર્ષ 2022-23 ની આવક 8,65,550 છે અને કુલ મિલકત રૂપિયા 17,44,385 છે તેમની સામે અમને ૨૦ ટકા લેખે રોકાણો સામે રિટર્ન હોય તો રૂપિયા 3, 48,876 થાય પરંતુ 8,65,550 દર્શાવી છે અને 5,16,673 અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી જ્યારે આ સોગંદનામાં એમણે એમનો ફિઝ્યોથેરાપી નો અભ્યાસ હોવાનું જણાવ્યું છે ત્યારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન મુજબ તેઓ ડોક્ટર લખાવી શકે નહીં આ અંગે ચૂંટણી પંચ દ્વારા કોઈ તપાસ કરવામાં આવી નથી આ પિટિશન પાંચમી જુલાઈ 2024 એ બોર્ડ ઉપર આવી હતી ત્યારબાદ બારમી તારીખે એ યોજાઇ હતી જેમાં વિજેતા ઉમેદવાર ડોક્ટર હેમાંગ જોશી કલેકટર અને મુખ્ય ચૂંટણી અધિકારીને હાજર રહેવા હાઈકોર્ટ તે જણાવ્યું હતું . જ્યારે ડોક્ટર હેમંત જોષી એ આખી પિટિશન રદ કરવા અલગથી પિટિશન કરી હતી.

રાહુલ વ્યાસે જણાવ્યું છે મતદાન પૂર્ણ થયું ત્યારે ઈવીએમ શીલ કરી સ્ટ્રોંગ રૂમમાં મૂક્યા ત્યારે બેટરી 98% હતી સ્ટ્રોંગ રૂમમાં 29 દિવસ રહ્યા હતા પાંચ જૂને પરિણામનો દિવસે કાઢ્યા ત્યારે પણ બેટરી 98% જ હતી સોંગ રૂમમાં કોઈને પ્રવેશ ન હતો તો 29 દિવસ સુધી બેટરી એક પણ ટકો ઓછી ન થાય તેવા પણ સવાલો ઉઠાવ્યા છે.

અઢી વર્ષની ટર્મ થતા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી

# વડોદરા APMCના પ્રમુખપદે શૈલેષ પટેલ અને ઉપ પ્રમુખપદે યોગેશ પટેલ બિનહરીફ

**સયાજીપૂરા** APMCમાં નવી દુકાનોના બાંધકામ માટે રાજ્યસરકાર પાસે મંજૂરી માંગવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા જિલ્લાની સૌથી મોટી APMCમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભાજપના મેન્ડેટના આધારે પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે શૈલેષ પટેલ તેમજ ઉપપ્રમુખ પદે યોગેશ પટેલની બિનહરીફ નિયુક્તિ થઈ હતી.

વડોદરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં નિયામક બોર્ડની અઢી વર્ષની ટર્મ થતા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી. ભાજપની મેન્ડેટ પ્રક્રિયાના આધારે જિલ્લા ભાજપ મહામંત્રી યોગેશ અધ્યારૂ મેન્ડેટ લઈને સયાજીપુરા APMC ખાતે પહોંચ્યા હતા. જ્યાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં મેન્ડેટની જાહેરાત કરી દેવામાં આવી હતી. બોર્ડરૂમમાં શરૂ થયેલી ચૂંટણી પ્રક્રિયામાં પ્રમુખ તરીકે શૈલેષભાઈ પટેલ તેમજ ઉપપ્રમુખ તરીકે યોગેશભાઈ પટેલના નામને સર્વાનુમતે સ્વીકૃતિ મળતા તેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આગામી અઢી વર્ષ માટે નિયુક્તિ પામેલા APMCના પ્રમુખ ઉપપ્રમુખને શુભેચ્છાઓ પાઠવવા ડભોઈ ધારાસભ્ય શૈલેષ મહેતા, કરજણ ધારાસભ્ય અક્ષય પટેલ તેમજ વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. શૈલેષભાઈ પટેલે જણાવ્યું હતું કે, APMCની સાથે સાથે ખેડૂતોના વિકાસ માટે પણ કર્યો થઈ રહ્યા છે. આગામી અઢી વર્ષના વિઝનમાં સયાજીપૂરા APMCમાં નવી દુકાનોના બાંધકામ માટે રાજ્યસરકાર પાસે મંજૂરી માંગવામાં આવી છે. આ સાથે ખેડૂતોને અનાજની સાફસફાઈ માટે દૂર ન જવું પડે તે માટે ઈનહાઉસ APMCના આગવા અનાજ ક્લિનિંગ પ્લાન્ટની સ્થાપના કરવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



# 94 લાખની ઓનલાઈન ઠગાઈ કરી 6 માસથી ફરાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સોશિયલ મિડિયાના માધ્યમથી મેસેજ કરી શેર માર્કેટમાં ટ્રેડિંગ કરવાનું જણાવી ખોટી એપ ડાઉનલોડ કરાવી ઓનલાઈન રૂ. 94,18,000 ની છેતરપિંડી કરવાના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા છ મહિનાથી પોલીસ ધરપકડથી બચવા ભાગતા ફરતા આરોપીને વડોદરા શહેર ક્રાઈમબ્રાંચે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, શહેરના સાયબર પોલીસ સ્ટેશનના ગુનામાં આરોપી જીગ્નેશ ભીમજીભાઇ તુકડીયા (રહે. શંકરબાગ સોસાયટી, તરસાલી) પોલીસ ધરપકડથી બચવા સારું છેલ્લા છ માસથી ભાગતો ફરતો હોય વડોદરા ક્રાઈમબ્રાંચેપોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમીના આધારે શહેરના માંજલપુર તુલસીધામ ચારરસ્તા પાસેથી ઝડપી પાડી પૂછપરછ તપાસ હાથ ધરતા તેણે કબુલત કરી હતી કે બીજા અન્ય લોકો સાથે પૂર્વ આયોજીત કાવતરું રચી ફરિયાદીને વોટ્સએપ નંબરથી મેસેજ કરી શેરમાર્કેટમા રોકાણ કરવાનું જણાવ્યું હતું અને તેના માટે તેણે અલગ અલગ વોટ્સએપ ગૃપ થકી BLACKROCK STOCKS PULL Up માં તથા C3- ANGEL BROKING CUSTOMER CARE નામના ગૃપમાં એડ કરી સિક્યોરીટી કસ્ટમર સર્વિસમાંથી હોવાનું જણાવી એન્જલ વન કંપનીના ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કરી શેર માર્કેટમાં કેવી રીતે ટ્રેડિંગ કરવું તે બાબતે સમજાવી ફરિયાદીને લિંક મોકલી હતી અને આમ બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ફરિયાદીને વિશ્વાસમાં લીધો હતો અને ઓનલાઈનના માધ્યમથી ફરિયાદીના બે બેંક એકાઉન્ટમાં થી કુલ રૂ. 94,18,000 ટ્રાન્સફર કરી પોર્ટફોલિયો દેખાતા પ્રોફિટ ને વિથડ્રો કરવા જતાં નાણાં ઉપડ્યા ન હતી આ રીતે વિશ્વાસઘાત કર્યો હતો જે અંગેની સાયબર ક્રાઈમમા ફરિયાદ નોંધાઇ હતી તેને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.